એપ્રિલ ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## શું આપણે કંઈ ભિખારી છીએ ?



# અક્રમ એક્સપ્રેસ

# શું આપણે કંઈ ભિખારી છીએ ?


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૮
સળંગ અંક : ૧૦૪
**એપ્રિલ ૨૦૧૭**



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


## સંપાદકીય

બાળમિત્રો, ભિખારી શબ્દ સાંભળીએ એટલે આપણી નજર સમક્ષ એક ચીંથરેહાલ અવસ્થામાં, રસ્તામાં આવતા જતા લોકો પાસે કંઈ માંગતી વ્યક્તિની આકૃતિ ઉપસી આવે. કોઈ પૈસા માંગતું હોય, તો કોઈ ખાવાનું. અર્થાત્, આખો દિવસ જે કોઈ માંગ માંગ કરતું હોય, એને આપણે ભિખારી તરીકે સંબોધીએ છીએ.


શું ક્યારેય આપણને ખ્યાલ આવ્યો છે કે આપણને પણ જે મળ્યું છે એમાં સંતોષ ન રાખતા આખો દિવસ માંગ માંગ જ કરતા હોઈએ છીએ ?

તો શું જ્ઞાનીની દૃષ્ટિએ આપણે ભિખારી છીએ ?

આવો, વાંચીએ આ અંક અને સમજીએ.

- ડિમ્પલ મહેતા





## દાદાજી કહે છે...



# ધ્યેય ચૂકાયોને પેઠી ભીખ

દાદાશ્રી - કોઈપણ વસ્તુનું ભિખારીપણું એટલે શું કે જલેબી નહીં મળે તો, થોડીક 'જલેબી લાવો', થોડીક 'જલેબી લાવો' કરે. મેલને મૂઆ ! અનંત અવતાર જલેબીઓ ખાધી તોય હજુ ભિખારીપણું રાખો છો ? જેની બહુ ઈચ્છા હોય તેનું ભિખારીપણું થાય માણસને !

અહીં કંઈક મળશે, અહીં કંઈક મળશે. જ્યાં ને ત્યાં ઈચ્છા. અલ્યા મૂઆ, બે હાથવાળા પાસે ના હોય કશું ય ! એ તો હજારો હાથવાળા પાસે હોય. આ તો બે હાથવાળા પાસે આશા રાખે છે, શરમ નથી આવતી ? જેની બધી લાલચ છૂટી, એના બધા રોગ મટી ગયા. આ તો ડૉક્ટર આવે તો કહેશે, મારે કામ લાગશે, વકીલ આવે તો કહેશે, મારે કામ લાગશે, ઓળખાણ કરી લો, અલ્યા મૂઆ ! આવી લાલચો ? ડૉક્ટર શું કામ લાગશે ? માંદો થાઉં એવો તો છું નહીં અત્યારે. તો કહે, ના, કો'ક દહાડો થઈશ ત્યારે કામ લાગશે.'

એ ભિખારીપણું ન હોવું જોઈએ માણસને. બીજું બધું ખાઓ-પીઓ, બધું કરજો પણ ભિખારીપણું નહીં, ભિખારીપણું એ લાચારી છે એક જાતની.

જેને ઈચ્છાઓ છે, આ જોઈએ છે ને તે જોઈએ છે, તે બધાં ભિખારી કહેવાય. કોઈ મને સામેથી બોલાવે, મને સારી રીતે રાખે, મારું ઊંધું ન બોલે, શું કરું કે મારા વખાણ કરે, મને ખૂબ પૈસા મળે જેથી હું આ લઉં, તે લઉં. બધું હોય તો પણ આ લઉં ને તે લઉં કર્યા કરે. આમ પાર વગરની ઈચ્છાઓ. માટે કોઈ પણ જાતની ઈચ્છા રાખવી નહીં ! ઈચ્છા થાય તો કાઢી નાખવી. આ તો આખો દિવસ ભીખ, ભીખ ને ભીખ ! ભીખ વગરના કોઈ જોયેલા ખરા ? છેવટે દેરા બંધાવાનીય ભીખ હોય, એટલે દેરા બંધાવવામાં પડે. કારણકે કશો ધંધો ના જડે ત્યારે કીર્તિ માટે બધું કરે ! ભીખ અંતે ધ્યેય ચૂકાવડાવે.


# આ તો નવી જ વાત !







જેને કોઈની
પાસેથી કંઈ
જોઈતું જ નથી,
ત્યાં શાંતિ હોય,
સમાધિ હોય.


બે હાથવાળા તો પોતે
જ ભિખારી કહેવાય.
એમની પાસે શું
ભીખ માંગવાની.
વખતે પચાસ હાથવાળા
ને કહીએ કે
પ્લીઝ, હેલ્પ મી.

# પંખીડાનું પીંજરું



"ટુ હુ... ટુ હુ..." બે પંખીઓના મધુર સ્વરથી આખા જંગલનું વાતાવરણ મહેકી ઊઠ્યું હતું. કોણ જાણે ક્યાંથી આવી ચડ્યા હતા એ પંખીઓ ! એક નાનું એક મોટું. જાણે. એક જ પરિવારના બે બચ્ચાં. એમની સુંદરતા તો અદ્‌ભુત હતી, પણ એમનો સ્વર તો એથીયે ચડિયાતો હતો.

એ પંખીઓના સંગીતના સૂર ધીરે-ધીરે જંગલ વટાવીને ગામ સુધી પહોંચ્યાં. જો કોઈ એમનું સંગીત સાંભળે, એ એમના વખાણ કરતા ના થાકે. છેવટે, વાત ત્યાંના રાજાના કાન સુધી પહોંચી.

રાજા તો હતા સંગીત પ્રેમી. બસ, એ તો એક નાની ટુકડી લઈને પહોંચ્યા જંગલમાં. એક સુંદર મજાના સોનાના પીંજરામાં અવનવા ફળો અને મોતીના ચણ મૂકાવ્યાં. આ જોઈ, નાનું પંખી લલચાયું. મોટાંએ એને સમજાવ્યું, "આ ફળ તો આ જંગલના નથી. આપણને પૂરતું મળી જ રહે છે તો આ બંધનમાં કેમ પડવું ?" પણ, નાનું તો પોતાની ઈચ્છા રોકી ના શક્યું, અને છેવટે મોટું પણ અનિચ્છાએ નાના સાથે પિંજરામાં ભરાયું.

રાજદરબારમાં પંખીઓના આગમનની ઘોષણા થઈ. એક સંગીત સંધ્યા યોજવામાં આવી. સમારંભના પ્રારંભમાં પંખીઓનો પરિચય આપતા મંત્રીએ પંખીઓના સ્વરની મન મૂકીને પ્રશંસા કરી. નાનું પંખી તો પોતાની આવી પ્રશંસા સાંભળીને ફૂલાઈ ગયું અને ગાવા લાગ્યું. આખી સભા મંત્રમુગ્ધ બની ગઈ. મોટાને તો આ પ્રશંસામાં કોઈ રસ નહોતો. પોતાની ગાયિકીનું આવું પ્રદર્શન એને મંજૂર નહોતું. અને તેથી જ એ ચૂપ રહ્યું.

નાના પંખીની ગાયિકીથી પ્રસન્ન થઈને રાજાએ એના માટે એક સુંદર સોનાનો મુગટ બનાવડાવ્યો. નાનાએ મોટાને કહ્યું કે, "અરે વાહ ! આપણાં તો નસીબ ખૂલી ગયા. રાજાના મહેલમાં આટલું માન-પાન ! તું પણ ગા, તો તને પણ મુગટ મળશે." મોટું નારાજ થઈ બોલ્યું, "નસીબ ખૂલી ગયા ? અરે આ તો ભિખારી બની ગયા. પહેલાં કેવા સુખેથી ફરતા હતા, કેવું મુક્ત જીવન હતું આપણું. અને આ તો વળી કેવું બંધન ? આ માન-મુગટ, રાજસી ઠાઠ, કોઈની વાહ-વાહી કે ઈનામ. કશાની મને ઈચ્છા નથી. મને તો મુક્તિ જોઈએ છે."

પણ નાનાને તો મોટાની વાત ના સમજાઈ. બીજા દિવસે પણ નાના પંખીએ પોતાનું શ્રેષ્ઠ સંગીત રેલાવ્યું અને મોટું શાંત જ રહ્યું. રાજાએ મોટા પંખીને ઉડાડી મૂકવાનો આદેશ આપ્યો. પોતાની સ્વતંત્રતા કરતાં વિશેષ, મોટા પંખી માટે બીજું કંઈ જ નહોતું, એની ખુશીનો પાર ના રહ્યો.




દિવસો વીત્યા. અવારનવાર રાજાના દરબારમાં સંગીત સમારંભો યોજવામાં આવતા, જેમાં નાનકડું પંખી પોતાના સૂરોથી સહુનું દિલ જીતી લેતું. આ સમારંભોમાં દેશ-વિદેશના સંગીત પ્રેમીઓને આમંત્રિત કરવામાં આવતા. પંખીની સાથે સાથે રાજાની કીર્તી પણ ફેલાવા લાગી. પંખીના સૂરોની અને રાજાના આદર-સત્કારની વાહ-વાહ થવા લાગી. દેશ-વિદેશથી લોકો સંગીત સાંભળવા આવતા અને રાજા માટે જાત-જાતની અને ભાત-ભાતની ભેટ સોગાદો લાવતા. રાજા અને પંખીને આ "વાહ-વાહ" નું જમણ ભાવી ગયું.

પણ, આ સિલસિલો લાંબો ના ટક્યો. કંઈક અસાધારણ બન્યું અને નાનકડા પંખીનું સંગીત બેસૂરું થવા લાગ્યું. પંખીના સૂરોની જાદુઈ અસર ઝાંખી પડવા લાગી. બીજી બાજુ રાજાનો પ્રભાવ પણ ઘટવા લાગ્યો. જે પ્રભાવશાળી રાજાનો પડતો બોલ ઝીલાતો, તે રાજા પ્રત્યે લોકોનું સન્માન ઘટતું ગયું. રાજાના આદેશોનું પાલન ઉલ્લાસભેર નહિ પણ કંટાળા સાથે થતું.

રાજા વિમાસણમાં પડી ગયા, "એવું તો શું બન્યું કે લોકોની નજરોમાં મને પહેલાં જેવો આદર નથી દેખાતો ? અને આ પંખીડાને શું થયું છે ! વૈધે નિદાન કર્યું કે એ બિલકુલ તંદુરસ્ત છે. તો વળી એનું સંગીત આવું બેસૂરું કેમ થઈ ગયું ?" પોતાના પ્રશ્નોના ઉકેલ મેળવવા રાજાએ પોતાના વિશ્વાસુ અને વિદ્વાન મંત્રીને બોલાવ્યા.

મંત્રીએ શાંતિથી રાજાની બધી વાતો સાંભળી અને કહ્યું, "રાજાજી મને થોડો સમય આપો. હું જરૂરથી તમારી સમસ્યાનો ઉકેલ લાવીશ."

મંત્રી ખૂબ વિચક્ષણ હતો. રાજા અને પંખીનું નિરીક્ષણ કરી, એ સમસ્યાનું કારણ શોધવામાં પડી ગયો.



એક દિવસ રાજાનો દરબાર ભરાયો હતો. અચાનક, દરબારમાં એક ભિખારી ઘુસી આવ્યો અને બધા પાસે જઈને ભીખ માંગવા લાગ્યો. રાજાએ સિપાહીઓને બોલાવી, ભિખારીને દરબારની બહાર લઈ જવાનો આદેશ આપ્યો.

"રાજાજી, થોભો", કહી ભિખારીએ એનો વેશ પલટો કર્યો. એ મંત્રી હતા.

"અરે, મંત્રીજી આપ? આટલા મોટા વિદ્વાન મંત્રી થઈને આપ ભીખ શા માટે માંગી રહ્યા છો?", રાજાના અચંબાનો પાર ના રહ્યો.

"રાજાજી, આ પ્રશ્નનો ઉત્તર આપતા પહેલાં, હું આપને નિવેદન કરું છું કે આપ દરબારમાં ઉપસ્થિત સહુને, થોડીવાર માટે રજા આપો."

હવે, દરબારમાં ફક્ત રાજા અને મંત્રી ઉપસ્થિત હતા.

"આ બધું શું છે મંત્રીજી? આમ ભીખ માંગવા પાછળ શું પ્રયોજન છે?" રાજાનો ગૂંચવાડો સ્વાભાવિક હતો.

"રાજાજી, માફ કરજો. જો, એક વિદ્વાન મંત્રી ભિખારી બનીને ભીખ માંગે તો લોકો એને હડધૂત કરે. તો શું એક સમૃદ્ધ રાજા ભીખ માંગે તો લોકો એનો આદર કરી શકે?"

"શું કહેવા માંગો છો, મંત્રીજી?" રાજાના અવાજમાં ગંભીરતા હતી.

"રાજાજી, જે બીજા પાસે પોતાના સુખની માંગણી કરે, એ ભીખ નહિ તો બીજુ શું કહેવાય? જેમ જેમ આપને દેશ-વિદેશના લોક તરફથી માન અને ભેટ સોગાદો મળતી ગઈ, તેમ તેમ આપને વધુ ને વધુ મેળવવાની લાલચ થતી ગઈ. જેના મનમાં આવી લાલચ જાગે, તેનો પ્રભાવ ધીમે ધીમે ઘટતો જાય. આપની સાથે પણ આવું જ બન્યું. અને તેથી જ આપના રાજ્યમાં લોકોની નજરોમાં આપની પ્રત્યે આદર ઓછો થઈ ગયો"

મંત્રીજીની વાત કડવી હતી, પણ રાજાને સ્વીકાર્ય હતી, "પણ, પેલા નાનકડા પંખીડાના સૂરો, બેસુરા થવા પાછળ શું કારણ હતું?"

"એ જ ભિખારીપણું! મુક્તતાથી ગાવાને બદલે, એ માન મેળવવાની ઈચ્છાથી ગાવા લાગ્યું. વધુ ને વધુ કાળજી અને પ્રશંસા મેળવવાની ઈચ્છાથી એ સતત બોજા અને તણાવમાં રહેવા લાગ્યું. અને આમ, પોતાની આંખોની ચમક અને અવાજની મીઠાશ ખોઈ બેઠું." મંત્રીએ ફોડ પાડ્યો.


મંત્રીની વાત રાજાને ગળે ઊતરી. પોતાની સમસ્યાનો ઉકેલ લાવી આપવા બદલ રાજાએ મંત્રીનો આભાર માન્યો અને એમને રજા આપી.


પોતાના ખંડમાં આસન પર બિરાજી, રાજા મંત્રીએ કહેલી વાત વાગોળી રહ્યા હતા. ત્યાં તો એમને પીંજરામાં કેદ નાનકડા પંખીડાનો ઉદાસ સ્વર સંભળાયો. પીંજરામાં કેદ પંખી, પોતાની ઈચ્છાઓની બળતરાથી કંટાળી, મોટા પંખીની મુક્તિને યાદ કરી રહ્યું હતું, મોટા પંખીએ કહેલી, મુક્ત જીવન જીવવાની વાત હવે એને સમજાઈ હતી.

પીંજરા પાસે જઈ, રાજાએ કડી ખોલી. નાનકડા પંખીની આંખોમાં ગજબની ચમક આવી ગઈ. ઈચ્છાના પીંજરામાં કેદ પંખીને રાજાએ મુક્ત કર્યું, અને તે ઘડીએ પોતે પણ એક અનેરી મુક્તિ અનુભવી.


તો મિત્રો! ઈચ્છા થાય ત્યારે આપણે આપણું સુખ ખોઈ નાખીએ છીએ ને? જેને, આ જોઈએ છે ને તે જોઈએ છે, અહીં કંઈક મળશે, ત્યાં કંઈક મળશે એવું રહે તે બધા ભિખારી કહેવાય. તો ચાલો, આપણે ઈચ્છા મુક્ત થઈને મુક્તિનું સુખ ચાખીએ... શું લાગે છે?


જાદુઈ શક્તિ
આઠના ટકોરા વાગ્યા અને પ્રિયંકા પરીઓની દુનિયામાં જવા માટે રજાઈમાં ગોઠવાઈ ગઈ. મમ્મીએ ફેરી-ટેલ્સનું પહેલું પાનું ખોલ્યું.
દૂર દૂર એક પરીઓનો દેશ હતો. ત્યાં રહેતી પરીઓ બહુ સુંદર હતી. એક દિવસ પરીરાણીએ પોતાને પ્રિય ત્રણ પરીઓને મહેલમાં બોલાવી.
ઝારા, રૂબી અને ફ્લોરેન્સ, આપણે એક બહુ જ મહત્વનો ઉદ્દેશ ફળીભૂત કરવાનો છે. દૂર દૂર એક મેઘધનુષ મહેલ છે. તમારે સૂર્યાસ્ત પહેલાં આ મહેલમાં પહોંચવાનું રહેશે.
પરીરાણીએ ત્રણેય પરીઓને મેઘધનુષ મહેલ સુધી પહોંચવા માટે અલગ નકશો આપ્યો. ત્રણેના નકશાનું અંતર સરખું હતું. પણ દિશા જુદી હતી. ઝારા, રૂબી અને ફ્લોરેન્સ તો નીકળી પડ્યા.



રસ્તામાં ઝારાએ એક પરી જોઈ, જેના હાથમાં ઘણાં બધા મોતીઓના હાર હતા.
આ તો વળી કેવા મોતી છે ? આવી ચમક તો મેં ક્યારેય કોઈ મોતીઓમાં જોઈ જ નથી.
તારી પાસે આટલા બધા હાર છે, તો મને એક હાર આપીશ ? પરીએ તરત જ ઝારાને એક મોતીનો હાર આપ્યો.
રસ્તામાં ઝારાને ઘણી બધી પરીઓ દેખાઈ જેમની પાસે લોભામણી, સોહામણી વસ્તુઓ હતી.
દરેક પરી પાસે જઈ, વસ્તુઓ માંગી, પોતાની પાંખમાં ભરીને એ મેઘધનુષ મહેલ તરફ જવા આગળ વધી.
રૂબી સાથે પણ આવું જ બન્યું. રસ્તામાં એને પણ એવી પરીઓ દેખાઈ જેમની પાસે અવનવી સુંદર આકર્ષક વસ્તુઓ હતી.
પરીઓને પણ દુર્લભ હોય એવો આ ખજાનો છે. આ ખજાનાને જો હું ના લઉં તો મૂર્ખ ગણાઉં.
રૂબીએ પરીઓને આજીજી કરી, એ વસ્તુઓ મેળવી અને મેઘધનુષ મહેલ તરફ પ્રયાણ કર્યું.
પેલી બાજુ, ફ્લોરેન્સને પણ પોતાની રાહ પર પરીઓ દેખાઈ જેમની પાસે ચળકતા હીરા, માણેક અને રત્નજડિત ઘરેણાંઓ હતા. પણ, એક ક્ષણ માટે પણ ફ્લોરેન્સ લલચાઈ નહીં અને મુક્તિથી પોતાના ધ્યેય તરફ આગળ વધી.
મારું લક્ષ છે કે મારે સૂર્યાસ્ત પહેલાં મેઘધનુષ્ય મહેલમાં પહોંચવું છે. જો હું કોઈપણ જાતના સુખની લાલચમાં અટવાઈશ, તો મારો ધ્યેય ચૂકી જઈશ.
આ વિચાર આવતાંની સાથે જ ફ્લોરેન્સની અંદર એક અજાયબ જાદુઈ શક્તિ ઉત્પન્ન થઈ.



સૂર્યાસ્તની થોડી ક્ષણો પહેલાં ફ્લોરેન્સે મેઘધનુષ મહેલમાં પ્રવેશ કર્યો.
ફ્લોરેન્સના મુખના તેજ અને નૂરથી આખો મહેલ ઝગમગી ઊઠ્યો.
પરીરાણીએ ફ્લોરેન્સનું સ્વાગત કર્યું અને ધ્યેય સાર્થક કરવા માટે ખૂબ અભિનંદન આપ્યા. સૂર્યાસ્ત થયા બાદ, ઝારા અને રૂબી પણ આવી પહોંચ્યા.
ફ્લોરેન્સના મુખ પર અચાનક આવું તેજ કેવીરીતે ?
ત્યાં તો પરીરાણી એક મોટો પટારો લઈ આવી અને ફ્લોરેન્સને આપ્યો.
રસ્તામાં જે આકર્ષક વસ્તુઓ ફ્લોરેન્સે જોઈ હતી, પણ લીધી ના હતી, તે બધી જ વસ્તુઓ એ પટારામાં હતી.
જે વસ્તુઓમાંથી સુખ મેળવવાની ભીખ રાખી અને પોતાનો ધ્યેય ચૂક્યા, એ વસ્તુઓ તો ફ્લોરેન્સને માંગ્યા વગર જ મળી ગઈ !


'પરીરાણી' નો ખિતાબ કોને આપવો, તે ઉદ્દેશ માટે મેં તમારી પરીક્ષા લીધી. જે પરીનું ઐશ્વર્ય સૌથી વધુ હોય, તે જ 'પરીરાણી' ની પદવી મેળવી શકે.
ધ્યેય સુધી પહોંચતા, જ્યારે જ્યારે કિંમતી વસ્તુઓમાંથી સુખ લેવાની ભીખ ફ્લોરેન્સે ટાળી, ત્યારે ત્યારે એની અંદર એ વસ્તુઓના મૂલ્ય કરતાં અનેકગણું વધુ મૂલ્યવાન ઐશ્વર્ય ઉત્પન્ન થયું.
જે 'પરીરાણી' બને, એને માથે બીજી પરીઓનું હિત કરવાની જવાબદારી આવે. બીજાનું હિત એ જ કરી શકે, જેને કોઈ પણ વસ્તુની ભીખ ના હોય.
એમ કહી, પરીરાણીએ પોતાના માથાનો મુગટ ફ્લોરેન્સને પહેરાવ્યો.
મમ્મીએ ફેરી-ટેલ્સની ચોપડી બંધ કરી અને પ્રિયંકા આંખો મીંચીને પરીઓની દુનિયામાં ખોવાઈ ગઈ.





# જીવંત ઉદાહરણ

ભારતના ભૂતપૂર્વરાષ્ટ્રપતિ, ડૉ એ.પી.જે અબ્દુલ કલામ, ભારતીયોના દિલો-દિમાગ પર ભૂંસી ના શકાય એવી છાપ છોડીને ગયા છે. ડૉ. કલામ, એક વિદ્વાન, વિચારક, સાયન્ટીસ્ટ અને ઉચ્ચ કોટિના માનવી હતા. ભારતીય મિસાઈલ કાર્યક્રમમાં એમનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે, અને તેથી જ તેઓ 'મિસાઈલ મેન' તરીકે પણ ઓળખાતા હતા. ૮૩ વર્ષની ઉંમરે, જુલાઈ ૨૭, ૨૦૧૫ના દિવસે તેઓ મૃત્યુ પામ્યા.

જે વ્યક્તિએ પચાસ વર્ષથી વધુ સમય પબ્લિક સર્વિસમાં ગાળ્યો હતો અને જેઓ ભારતના પ્રેસીડંટ રહી ચૂક્યા હતા, એમની પાસે પોતાની કહી શકાય એવી કેટલી વસ્તુઓ હતી, જાણો છો? ફક્ત એક ઘડિયાળ, છ શર્ટસ, ચાર પેન્ટ, ત્રણ સુટ, એક જોડી જૂતા અને ૨૫૦૦ પુસ્તકો. ડૉ.કલામ પાસે પોતાની કોઈ મિલકત, ફ્રિજ, ટી.વી, ગાડી કે એ.સી નહોતા.

ડૉ.કલામનો આધુનિક ટેકનોલોજી પ્રત્યેનો લગાવ જાણીતો હતો. પણ, ટેકનોલોજીના સમાચાર તેઓ રેડિયો અથવા છાપામાંથી મેળવતા. એમના ઘરમાં ટી.વી નહોતું. તેઓ ભાગ્યે જ ટી.વી જોતા.

કલામે પોતાનું આખું જીવન ખૂબ સાદાઈથી પસાર કર્યું. તમિલનાડુના રામેશ્વરમાં ૧૫ ઓક્ટોબરના રોજ જન્મેલા ડૉ. અબ્દુલ કલામ, નાનપણમાં અભ્યાસ કરતા ત્યારે ઘરે ઘરે છાપું વેચવા જતા. ગરીબીમાં ઉછરેલા હોવા છતાંય, તેઓ રાષ્ટ્રપતિના પદ સુધી પહોંચ્યા, તે વાત આપણા માટે પ્રેરણાદાયક છે.

ડૉ. કલામના આદર્શ એમની ઓળખ હતા. તેઓ ક્યારેય કોઈની પાસેથી ભેટ-સોગાદ સ્વીકારતા નહીં. રાષ્ટ્રપતિ બન્યા બાદ ફોરેન ગવર્નમેન્ટસ એમને નાની - મોટી ભેટ-સોગાદો આપવા ઈચ્છતી. આ બધી ભેટો તેઓ ભારતીય ગવર્નમેન્ટના તોશા ખાનામાં મોકલાવી દેતા. ક્યારેય અંગત વપરાશ માટે એમણે એક પણ ભેટ પોતાની પાસે રાખી નહોતી અને આખા જીવન દરમ્યાન આ નિયમનું પવિત્રતા અને કડકાઈથી પાલન કર્યું હતું.

મિત્રો, ડૉ. કલામના આદર્શ કેવાં અદ્ભુત કહેવાય!
પ્રેસીડંટ ઓફ ઈન્ડિયા હોવાં છતાંય,
કોઈ પણ વસ્તુઓ કે વૈભવની એમણે ભીખ
ના રાખી. પ્યોર જીવન જીવી, તેઓ અનેકોના
જીવનમાં પરિવર્તન લાવ્યા.

# અને છેલ્લે છેલ્લે....

આજનો કમ્પ્યુટરાઈઝ્ડ જમાનો અને એમાંય મોબાઈલ ગેમ્સનું ભૂત.
જોઈએ ત્રણ અલગ અલગ પર્સનાલિટીને. ત્રણે પર એની શી અસર થાય છે.

## રાજા



રાજાને મોબાઈલ ગેમની ખબર પડતાં એ મોબાઈલ મંગાવે. એમાં ગેમ રમે. અને પછી મોબાઈલ બાજુ પર મૂકીને જતો રહે. એને એની બહુ કિંમત ન હોય.

## ભિખારી



ભિખારીને ખબર પડતાં એ પણ મોબાઈલ ગેમ રમે. રમ્યા બાદ એને સાચવી રાખે, કોઈ લઈ ન જાય એવી રીતે. અને જો કોઈ લઈ ગયું તો કરગરે કે, "પ્લીઝ, મને મોબાઈલ આપોને. મારે ગેમ રમવી છે. પ્લીઝ આપો. હું એની વગર નહીં જીવી શકું. એ નહીં હોય તો હું શું કરીશ ?"

## જ્ઞાની

જ્ઞાનીને ખબર પડે તો જાણીને શાંતિથી પોતાના સુખમાં રહે. એના વિષે વધું જાણકારીની પણ તમન્ના ન હોય. તો પછી રમવાની તો વાત જ ક્યાં ! તેઓ પોતાના અનંત સુખમાં રહે.

## તારણ

જ્ઞાનીઓ કહે છે, આ તમે ગેમ નથી રમતા. ગેમ તમને રમાડે છે. એટલી બધી લાચાર બનાવી દે છે કે તમે એના વગર નથી રહી શકતા.

એવી જ રીતે સંસારમાં તમે સંસારી સુખો ભોગવતા તમે જ ભોગવાઈ જાઓ છો. મોહ તમને એના વશમાં કરી નાખે છે.

આવા સુખ માટે શું કરવા ભીખ માંગો છો ? જીવવું હોય તો રાજાની જેમ જીવો. મળે તો ભોગવો, પછી બાજુ પર. એને બીજી વાર યાદે ય ન કરવાનું હોય, તો પછી એને પાછું મેળવવા યાચના કરાતી હશે ?

**શું આપણે કંઈ ભિખારી છીએ ?**



# મીઠી આઈ

એક મહાત્મા સાથેનો પ્રસંગ છે. એ મહાત્માને ઓપરેશન કરીને એમને સીમંધર સીટી, ઘરે લાવેલા.

એક-બે દિવસમાં જ સીમંધર સીટીના એક ગાર્ડનમાં નીરુમા સાથે બધા મહાત્માઓનું જમવાનું ગોઠવેલું. બધાનું જમવાનું ચાલતું હતું, એવામાં પેલા મહાત્મા ત્યાં આવ્યા.

જેવી નીરુમાની એ મહાત્મા પર નજર પડી, એવું નીરુમાએ એમને એમની પાસે બાલાવ્યા.

એ મહાત્માએ જઈને નીરુમાને ''જયસચ્ચિદાનંદ'' કર્યા અને વિનયથી ત્યાં બાજુમાં ઊભા રહ્યા.

નીરુમાએ કહ્યું, ઊભા છો શું, બેસી જાઓ અહીંયા.

એમને સંકોચ થતો હતો, કે નીરુમાની સાથે જમવા કેમ બેસાય? પણ નીરુમાએ તો એમને પાસે બેસાડ્યા. એટલું જ નહીં, પણ બધાના આશ્ચર્ય વચ્ચે નીરુમાએ એમના હાથે એમને કોળિયો જમાડ્યો.

આ જોઈને ત્યાં જેટલા હતા, એ બધાની આંખો ભીની થઈ ગઈ. અને એ મહાત્મા તો ખરેખર રડી જ પડ્યા.

**આવા છે આપણા નીરુમા.**



ઘણાં વર્ષો પહેલાંની વાત છે. ગુજરાતના રાજ્ય પર મહમ્મદ બેગડાનું રાજ હતું. એક વખત રાજ્યમાં ભયંકર દુકાળ પડ્યો. મહમ્મદ બેગડાને ખૂબ ચિંતા થઈ. દુકાળના નિવારણ માટે કોઈ ઉપાય શોધવાની ગડમથલમાં તેઓ પડી ગયા.

આ સમયે તેમના દરબારમાં એક ભાટ આવ્યો. કંઈક વાત નીકળી અને ભાટે 'શાહ' લોકોના ગુણગાનની શરૂઆત કરી. 'શાહ એ તો શાહ' બાદશાહ કે પાદશાહ એ તો પા એટલે કે ચોથા ભાગના શાહ, અને જરા અર્થ વિચારીએ તો શાહમાંથી બાદ એ બાદશાહ.

આ વાત મહમ્મદ બેગડાને ગમી તો નહીં, પણ તેમણે આ તક ઝડપી લીધી અને કહ્યું, "આ શાહ લોકો જો ગુજરાતના દુકાળનું નિવારણ કરે, તો હું તેમને સાચા શાહ કહું."

ભાટ માટે આ વાત એક પડકારરૂપ હતી. શાહોની ઉદારતા માટે એના મનમાં ભરપૂર વિશ્વાસ હતો. આથી, બાદશાહના પડકારને તેણે ઝીલી લીધો.

શાહો પાસે આવીને, બાદશાહે કરેલા પડકાર અને પોતે કરેલા સ્વીકારની વાત કહી સંભળાવી. એ સમયના શાહો ઘણા સ્વાભિમાની હતા. પોતાની પ્રતિષ્ઠા સાચવવા પોતાના પ્રાણની આહુતિ આપવામાં પાછી-પાની ન કરે તેવા એ લોકો હતા. તેમણે ભાટને આશ્વાસન આપતાં કહ્યું, "તમે જે કંઈ કર્યું છે, તે બરાબર જ કર્યું છે. બાદશાહને જઈને અમારો સંદેશો કહો કે દુકાળમાંથી પાર ઉતારવા માટે જોઈતી બધી ગોઠવણ કરવાની જવાબદારી શાહો પોતાના ઉપર લે છે."

થોડા સમયમાં આઠ માસ ચાલે તેટલું અનાજ ભેગું થઈ ગયું. બાકીના ચાર માસ માટેની જોગવાઈ કરવા માટે શોહોનું એક પ્રતિનિધિ મંડળ અમદાવાદ, પાટણ તરફ રવાના થયું. પ્રત્યેક સ્થળે શાહોનો ખૂબ સારો સત્કાર થયો, વળતા સૌરાષ્ટ્રના હડાળા ગામે મંડળ આવી પહોંચ્યું. ખેમાશાહ ત્યાં વસવાટ કરતા હતા.

ખેમાશાહે સાધર્મિકોનું ભક્તિપૂર્વક સ્વાગત કર્યું. બધા સારી રીતે જમીને બેઠા એટલે ખેમાશાહે પ્રતિનિધિ મંડળને આ દોડધામ માટેનું પ્રયોજન પૂછ્યું.

પ્રતિનિધિ મંડળ વિમાસણમાં પડી ગયું કે ખેમાશાહને, સાચું કારણ કહેવું કે કેમ ? ખેમાશાહ સાવ સાધારણ સ્થિતિના હતા. એટલે એમને કારણ કહીને એમને શરમાવવા નહોતા માંગતા.

પણ ખેમાશાહે ખૂબ આગ્રહ કર્યો એટલે પ્રતિનિધિ મંડળે એમને આખી વાત સમજાવી. ખેમાશાહના વૃદ્ધ પિતા દેદરાણી પણ આ વાત સાંભળતા હતા.

તેમણે ખેમાશાહને બાજુ ઉપર લઈ જઈ કહ્યું, "સંપત્તિનો સદુપયોગ કરવાની સોનેરી તક સાંપડી છે. ગુજરાતની જનતાને રાહત આપવાની અને દાનધર્મ આચરવાની આ તક જવા ન દેતો." ખેમાએ કહ્યું, "પિતાશ્રી, આપની આજ્ઞા મારે શિરોમાન્ય છે."

ખેમાશાહે પ્રતિનિધિ મંડળ પાસે આવીને કહ્યું, "બારેમાસ જનતા માટે પૂરતું અનાજ અને પશુઓ માટે ચારો હું આપીશ. હવે કોઈની પાસે હાથ લંબાવવાની જરૂર નથી. આ કામ માટે તમારે હવે આગળ જવાની જરૂર નથી. આપ નિશ્ચિંત બનો અને આરામ કરો."

આ શબ્દો સાંભળીને પ્રતિનિધિમંડળમા આશ્ચર્યનો પાર ના રહ્યો. ખેમાશાહનો પોશાક અને રહેવાની પદ્ધતિ એટલી બધી સાદી હતી કે તેમની પાસે અઢળક સંપત્તિ હોય તેવી કલ્પના પણ ના થાય. ખેમાશાહ આખા પ્રતિનિધિમંડળને પોતાના ધનભંડાર પાસે લઈ ગયા. તેમના ધનભંડારમાં અઢળક સોનું અને અગણિત સુવર્ણમહોરો હતી. પ્રતિનિધિમંડળ તો આભું બનીને જોતું જ રહ્યું.

બધા શાહોએ તેમના પિતાશ્રીની દાનવૃત્તિ માટે ખૂબ આભારની લાગણી વ્યક્ત કરતા કહ્યું, "ખેમાશાહ, તમને ધન્ય છે. તમે તો ખરેખર શાહોની આબરૂ બચાવી લીધી, તમે તો શાહોનું નામ ઉજ્જવળ કરી દીધું. યુગો સુધી ઈતિહાસ તમારી આ ઉદારતાને યાદ કરતો રહેશે."

ખેમાશાહની સંપત્તિ અને દાનના પ્રતાપે, આખુંયે ગુજરાત મહાભીષણ દુષ્કાળમાંથી ઉગરી ગયું. મહમ્મદ બેગડાએ જાહેરમાં ખેમાશાહનું સન્માન કરવા એક સમારંભ યોજ્યો અને કહ્યું, "શહેનશાહોના પણ શહેનશાહ, આ શાહો છે. તેમની નિસ્વાર્થ દાનવૃત્તિને હું મારા સાચા હૃદયથી સલામી આપું છું અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને એવું હું ઈચ્છું છું."

# ઐતિહાસિક ગૌરવગાથા





બરોડા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં બાળકો અને મહાત્માઓએ ત્રિમંદિર થીમ પર પ્રસ્તુત કરેલ મ્યુઝીકલ ડ્રામાની ઝલક...















# સમર કૅમ્પની ઝલક

## અંકલેશ્વર ૧૨ માર્ચ ૨૦૧૭











## દુબઈ ૧૭ માર્ચ ૨૦૧૭












Akram Express
April 2017
Year : 9, Issue : 8
Conti. Issue No.: 104

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# મિત્રો, તમારા માટે એક ખુશ ખબર...




<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સુચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.